**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૮/૧૧/૨૦૧૫ રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૨૭૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી ૫૦ વ્યક્તિઓને ઝડપી ૧૮૨ લીટર દેશી દારૂ, ૪૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૦ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૨૭૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણ:-** **સમાચાર યાદી નં.૨૨૭૫/૧૫**

**સોલા હાઈકોર્ટ:** બબલીબહેન શ્રીકૃષ્ણ ધોરે (રહે.ગામ મહેરી તાલુકો લહાર જીલ્લો ભીંડ રાજસ્થાન) એ તા.૭/૧૧/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે બબલીબહેનની પુત્રી રોશનીએ તેના પતિ રાજકુમાર આશારામ ધોરે (રહે.રામ બલરામનગર ચાંદલોડીયા) ના શારીરીક અને માનસીક ત્રાસના કારણે તા.૨૯/૧૦/૧૫ ચાંદલોડીયા રામ બલરામનગર ખાતે સાસરીમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી કે અસોડા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૨૭૬/૧૫**

**વાડજ:** રમેશચંદ્ર હરીલાલ શાહ (રહે.સોનામહેલ ફ્લેટ મોઢ ચાંપાનેર સોસાયટી ફોર્ચ્યુન લેન્ડમાર્ક હોટલ સામે ઉસ્માનપુરા) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૧૧/૧૫ સવારનાં ૧૧/૩૦ થી બપોરનાં ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની વીંટી નંગ-૭ કિમત રૂપિયા ૭૦,૦૦૦/-, સોનાના પાટલા નંગ-૨ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૬૦,૦૦૦/-, સોનાની માળા-બુટ્ટી કિમત રૂપિયા ૩૦,૦૦૦/-,સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૬૦,૦૦૦/-, સોનાની બુટ્ટી ચાર જોડી કિમત રૂપિયા ૪૦,૦૦૦/-, ચાંદીની વસ્તુઓ કિમત રૂપિયા ૫૪,૦૦૦/-, તેમજ સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૫૦,૦૦૦/-, સોનાની વીંટી નંગ-૩ કિમત રૂપિયા ૨૫,૦૦૦/-, સોનાની ડાયમંડવાળી બુટ્ટી કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭,૪૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી જી રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૭૭/૧૫</u>**

**ઈસનપુરઃ** યોગીન જસવંતલાલ પટેલ (રહે.યસ એપાર્ટમેન્ટ અનન્ય એપાર્ટમેન્ટની બાજુમાં ઈસનપુર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૧૧/૧૫ કલાક ૩/૪૦ થી ૩/૫૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના ગેસની પાઈપ દ્વારા મકાનમાં પ્રવેશ કરી અજાણી વ્યક્તિ મોબાઈલ ફોન કિમત રૂપિયા ૩,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કાંતીભાઈ મોતીભાઈ ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૭૮/૧૫</u>**

**કૃષ્ણનગરઃ** જીગ્નેશ પ્રવિણભાઈ વીસપરા (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ નરોડા) એ તા.૨૬/૧૦/૧૫ રાતના ૧૧/૦૦ વાગે હીરાવાડી ચાર રસ્તા નજીક પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૨૭ ટી ૬૫૮૫ કિમત રૂપિયા ૭૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૩૦ મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ જીગ્નેશ વીસપરાએ તા.૭/૧૧/૧૫ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી વી ખરાડી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૭૯/૧૫</u>**

**“ જે ” ટ્રાફીક પોલીસ સ્ટેશન ઈસનપુરઃ** હરીશભાઈ લીલાભાઈ દેસાઈ (રહે.આયોજનનગર એસ.પી.રીંગ રોડ હાથીજણ) એ જે ટ્રાફીક પોલીસ સ્ટેશન ઈસનપુર ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧૧/૧૫ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે નારોલ સર્કલના પુર્વ તરફ બી આર ટી એસ બસ સ્ટેન્ડ નજીકથી અજાણ્યો પુરૂષ પસાર થઈ રહ્યો હતો ત્યારે બીઆરટીએઅસ બસ નંબર જીજે ૧ સીટી ૭૦૩૧ ના ચાલક મયુર સોલંકી (જેના પુરા નામ-સરનામાની ખબર નથી) એ બસ પુરઝડપે અને બેદરકારીથી ચાલાવતા અજાણ્યા પુરૂષને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા તેનુ ઘટના સ્થળે મૃત્યુ નિપજ્યું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ વી રાજગોર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)